SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume 3, Issue-5, Oct-Nov-Dec : 2025
Published by Rangmati Publication, jamnagar https://www.rangmatipublication.com

# પ્રેમરસની પરાકાષ્ઠા : રાસ

*ડૉ. જયના પરમાર*

*સારાંશ : મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિધારામાં નરસિંહ મહેતાનું નામ શીર્ષસ્થ રહ્યું છે. તેમણે અનેક પ્રકારના પદો આપ્યાં છે; જેમાં રાસના પદો અનેરું મહત્ત્વ ધરાવે છે. શરદપૂર્ણિમાની રાત્રિએ રાધા-કૃષ્ણ અને ગોપીઓ વચ્ચે જે મહારાસ રચાયો તેનું વર્ણન આ પદોમાં સમાયેલું જોવા મળે છે. તો અહીં એવા જ એક પદનો આસ્વાદ કરાવી કવિના ભાવ અને ભાષાકર્મને તપાસવાનો આશય રહ્યો છે.*

*ચાવીરૂપ શબ્દો: નરસિંહ મહેતા, રાસ, કૃષ્ણ, પદ*

આપણી ભારતીય સંસ્કૃતિની ધરોહર ભક્તિસાહિત્ય કે સંતસાહિત્ય પર ટકેલી છે; જે ભૂમિ પર અનેક ભક્તો તથા સંતોએખૂબ ભક્તિમય વાતાવરણ ફેલાવ્યું. આ સંતો કે ભક્તોમાં સૌથી પહેલાં યાદ આવતાં ભક્ત એટલે **નરસિંહ મહેતા**. તેમનું નામ પડતાં જ આપણાં ઋષિકવિ રાજેન્દ્ર શુક્લનો એક શેર યાદ આવે.

**"હજો હાથ કરતાલ ને ચિત્ત ચાનક;**

**તળેટી સમીપે હજો ક્યાંક થાનક."**

મધ્યકાલીન ભક્ત કવિઓમાં નરસિંહ મહેતાનું નામ ટોંચ પર આવે છે એવું આપણે કહી શકીએ. તેમણે જે સાહિત્ય આપ્યું છે તેનાથી ગુજરાતી સાહિત્ય રળિયામણું બન્યું છે. તેમના પદો માત્ર ગુજરાતી ભાષામાં ન્ રહેતાં અન્ય ભાષામાં પણ અનુવાદિત થયાં છે. એ વાતનું તો આપણે ચોક્કસ ગૌરવ લઈ શકીએ કે વૈશ્વિક સ્તરે નરસિંહ મહેતાનું નામ ઝળહળી રહ્યું છે.

નરસિંહ મહેતાએ અનેક પ્રકારના પદો આપ્યાં છે પરંતુ અહીં આપેલું પદ રાસલીલાનું છે. તો આ પદનો આસ્વાદાત્મક અભ્યાસ કરતાં પહેલાં આ **'રાસ'** કે **'રાસલીલા'** શું છે એ વિશે ચર્ચા કરીએ.

**'રાસલીલા'** ઉત્તરપ્રદેશમાં પ્રચલિત લોકનાટ્યનું એક પ્રમુખ અંગ છે. પુરાણો અનુસાર શરદ પૂર્ણિમાની રાત્રિએ કૃષ્ણ અને ગોપીઓએ સાથે મળીને જે નૃત્ય-ગાન કર્યું તેનું નામ **'રાસ'** પ્રસિદ્ધ થયું. ધીમેધીમે આ પ્રથા એક નૈમિતિક ઉત્સવ બની ગઈ. ત્યારબાદ ભક્તિકાળમાં રાધા-કૃષ્ણની પ્રેમક્રીડાઓનું જે પ્રદર્શન થતું હતું તેમાં આધ્યાત્મિકતાની પ્રધાનતા રહેતી હતી. જેનો મુળ આધાર સુરદાસ તથા અષ્ટછાપ કવિઓના પદ અને ભજન હતાં. જેમાં સંગીત, કાવ્યનો રસ અને આનંદ આ બધી વસ્તુ રહેતી હતી. આપણાં મધ્યકાલીન સર્જક દયારામ પણ વલ્લભાચાર્ય પ્રણીત પુષ્ટિ સંપ્રદાય સાથે જોડાયેલા હતા. તેમણે આપેલાં પદો પણ સાહિત્યમાં ગરબીના નામે ઓળખાય છે. આમ ધીમેધીમે રાસની પ્રથા ચાલું થઈ અને છેક આજ સુધી પણ જોવા મળે છે.

**વહાલા મારા! વૃંદાવનને ચોક કે વહેલાંપધારજો રે લોલ;**
**ગોકુળ ગામ તણીવ્રજનાર કે વેગેબોલાવજો રે લોલ. ૧**
**અમને રાસ રમ્યાના કોડ કે નાથ-સંગ બેલડી રે લોલ;**
**લેવા મુખડાના મકરંદ કે મળી તેવતેવડી રે લોલ. ૨**
**રૂડું જમુનાજીકેરું નીર કે તટ રળિયામણો રે લોલ;**
**રૂડોબંસીવટનોચોક કે ચંદ્ર સોહામણો રે લોલ. ૩**
**મળિયોવ્રજવનિતાનોસાથ કે તાળી દે હાથ-શું રે લોલ;**
**માનિની મદમત્ત ભીડે બાથ કે કોમળ ગાત-શું રે લોલ. ૪**
**ફરતી ગાન કરે વ્રજનાર કે વચમાં શ્રીહરિ રે લોલ;**
**કંકણ- ઝાંઝરનો ઝમકાર કે ઘમકે ઘૂઘરી રે લોલ. ૫**

**જોવા મળિયા ચૌદ લોક કે ઇન્દ્રત્યહાંઆવિયા રે લોલ;**
**રૂડાંપરિજાતકનાંપુષ્પેકે પ્રભુનેવધાવિયારે લોલ. ૬**
**બ્રહ્મા, રુદ્ર ધરે એનું ધ્યાન કે પાર પામે નહીં રે લોલ;**
**નાચેનરસૈયોરસમગ્ન કે જોઈ લીલા નાથની રે લોલ. ૭**

પ્રસ્તુત રાસલીલાનાં પદમાં બ્રજાંગનાઓ શ્રીકૃષ્ણને રાસ રમવા માટે વૃંદાવનમાં બોલાવે છે એ વાતનું આલેખન કરવામાં આવ્યું છે.

ગોકુળ ગામની વ્રજનાર કહે છે કે અમારા વ્હાલા તમે વૃંદાવનમાં રાસ રમવા માટે જલદી પધારો. અમને અમારા નાથ સાથે બેલડીમાં(બે વ્યક્તિનો સંગાથ) રાસ રમવાની અભિલાષા છે. એવા અમારા પ્રભુના મુખરવિંદનું પાન કરવા માટે અમે સરખે સરખી ગોપીઓ ભેગી થઈ છે. અહીં સુંદર યમુનાનું નીર અને તેનો તટ અતિ રળિયામણો છે તથા બંસીવટનો ચોક પણ રૂડો છે. **'ચંદ્ર સોહામણો રે લોલ'** નરસિંહે જ્યારે પંક્તિમાં લખ્યું છે ત્યારે તેના બે અર્થ કરી શકીએ. જેમકે અભિધાના સ્તરે જોઈએ તો શરદ પૂર્ણિમાની રાત્રિનો ચંદ્ર તો અતિ શોભાયમાન થઈ રહ્યો છે પરંતુ સાથે સાથે આ કૃષ્ણચંદ્ર તો ચંદ્ર કરતાં પણ વધારે સોહામણો લાગે છે. જેના મુખકમળનો રસ લેવા બ્રજાંગનાઓ લાલાઈત છે. દરેક ગોપીઓ સાથે મળીને એકબીજાને હાથથી તાળી આપે છે. એવીરીતે મદમત્ત થયેલી માનિનીઓ શ્યામસુંદરના કોમળ શરીરને આલિંગન આપે છે. દરેક ગોપીઓ રાસ રમતાં-રમતાં ગાન કરી રહી છે અને વચ્ચે તેમનાં પ્રાણપ્યારા કૃષ્ણ બિરાજમાન છે. રાસ રમવાથી દરેક વ્રજનારીઓનાં કંકણ તથા ઝાંઝરનો ઝમકાર થઈ રહ્યો છે અને ઘૂઘરીઓઘમકી રહી છે. આ લીલાનેનિહાળવા તથા તેનું રસપાન કરવા માટે ચૌદ લોક તથા સ્વર્ગાદિપતિ ઇન્દ્ર પણ આવ્યાં છે. તેમણે સ્વર્ગલોકમાં રહેલાં પરિજાતનાં પુષ્પો વડે પ્રભુના વધામણાં કર્યા છે. બ્રહ્મા, શંકર તથા બીજા અન્ય દેવો શ્રીકૃષ્ણનું ધ્યાન કરવા છતાં પણ તેનો પાર પામી શકતાં નથી એ લીલા પરમ ભક્ત નરસૈયો નાચીને રસમગ્ન થઈ જોઈ રહ્યો છે. આમ કહેવાયને કે આપણને પણ અતિ રસતરબોળ કરી આપે તેવું આ નરસિંહ મહેતાનું પદ છે. પદનું આસ્વાદન કરતાં આપણી સમક્ષ પણ આ રાસલીલા દ્રશ્યમાન થાય છે.

કહેવાય છે કે નરસિંહનાં રાસલીલાના પદો પર મુખ્યત્વે જયદેવના 'ગીતગોવિંદ'નો પ્રભાવ છે. પરંતુ અહીં તેનાથી પણ વધારે નરસિંહે પોતે પોતાની ચૈતસિક સ્તરે થયેલી અનુભૂતીનું વર્ણન કર્યુ હોય તેવું લાગે છે. નરસિંહે કૃષ્ણ કૃપાથી આ રાસલીલા જોઈ તેનું વર્ણન પદમાં પણ કરે છે કે-

**પુરુષ-પુરુષાતન લીન થયું માહરું, સખીરૂપે થયો મધ્ય ગાવા,**
**દેહદશા ટળી, માંહે રહ્યો ભળી, દૂતી થઈ માનિનીને માનવા.**

આ વાત પરથી તો આપણે ચોક્કસપણે કહી શકીએ કે આ પ્રકારની લીલા એ કોઈના પ્રભાવમાં આવીને નહિ પરંતુ પોતાની એક અનોખી અનુભૂતી અને તેને કારણે નિહાળેલી વાતનું વર્ણન છે. તેમની અભિવ્યક્તિની અંદર એકાદું તત્ત્વ તો એવું રહેલું છે કે અમુક સ્તરે પહોંચ્યાં પછી જ એ સમજાઇ છે; ત્યાં સુધી ન તો આપણે તેને સમજી શકીએ છીએ, ન તો વર્ણવી શકીએ છીએ કે સૌથી મહત્વની વસ્તુ ન તો અનુભવી શકીએ છીએ.

હવે આપણે જો નરસિંહ મહેતાના કવિકર્મની વાત કરીએ તો તેમણે આ પદમાં ખૂબ સુંદર **'પધારજો-બોલાવજો', 'રળિયામણો-સોહામણો', 'હાથ-શું-ગાત-શું', 'આવિયા-વધાવિયા'** જેવા પ્રાસ મૂક્યાં છે. એ સિવાય બીજી એક વાત એ છે કે સામાન્ય રીતે નરસિંહ મહેતાનાપદનો લય ઝૂલણામાં હોય છે. પરંતુ આ પદનો લય જરા જુદો છે. પદની પંક્તિને અંતે આવતું **'રે લોલ'** એક પ્રકારના રાસ કે ગરબાનો લય કે ઢાળ હોય એવું સુચવે છે. આગળ વાત કરી એમ **'ચંદ્ર સોહામણો'** એટલે કે શરદપૂર્ણિમાનો ચંદ્ર અને એક કૃષ્ણરૂપી ચંદ્ર એમ બે અર્થ સિદ્ધ થાય છે. માટે ત્યાં જાણે કે શ્લેષ અલંકારનો પ્રયોગ કર્યો હોય તેવું લાગી રહ્યું છે. પરિજાતના પુષ્પ વડે ઇન્દ્રએ પ્રભુના વધામણાં કર્યા એ તો ખરું જ પરંતુ **પરિજાતનું** પુષ્પ આપણી મનોકામના સિદ્ધ કરનારું પણ ગણાય! એટલે આપણે એવો અર્થ પણ લઈ શકીએ કે એ પરિજાતના પુષ્પ દ્વારા ગોપીઓની પણ શ્રીકૃષ્ણ સાથેની રાસ રમવાની મનોકામના પૂર્ણ થઈ છે. આમ કવિકર્મની દ્રષ્ટિએ પણ તેમનું આ પદ ઉત્તમ કોટીનું છે.

બીજી એક વાત એ પણ છે કે તેમણે પદની અંતિમ પંક્તિમાં **'નાથ'** શબ્દનો પ્રયોગ કર્યો છે. આ સિવાય તેમના અન્ય પદોમાં પણ આ શબ્દનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. જેમકે- **"નરસૈયાના નાથ પાસેથી નાગણે નાથ છોડાવિયા"** તો અહીં પ્રયોજાયેલો **'નાથ'** શબ્દ એ નરસિંહ મહેતાનું કોઈ નાથ સંપ્રદાય સાથેનું જોડાણ બતાવે છે કે માત્ર પોતાની રીતે જ આ શબ્દ પ્રયોગ કર્યો છે એ ખ્યાલ મનમાં આવે છે! કારણ કે જૂનાગઢ અને ગિરનાર એ વર્ષોથી અઘોર તંત્ર અને ગોરખનાથના નાથ સંપ્રદાયનું કેન્દ્ર છે. આમ જોઈએ તો નરસિંહ વિષેની જે કિવદંતીઓ છે તેમાં નાથ સંપ્રદાય વિશેનો કોઈ ઉલ્લેખ આવતો નથી.પરંતુ શક્યતા પુરેપુરી છે કે નરસિંહ પોતે દામોદર કુંડ કે ગિરનાર તળેટીમાં જતાં એટલે ત્યાં નાથ સંપ્રદાયને માનનારા લોકોના સંપર્કમાં આવ્યાં હોય અને તેમની ઉપર કોઈને કોઈ રીતે તેઓનો કે તેઓની વાતનો પ્રભાવ પડ્યો હોય! તેઓની વાત જેને કારણે તેમને આ **'નાથ'** સંબોધન પ્રાપ્ત થયું હોય એવું બને ખરું?

❖ **સંદર્ભ**


➢ શબ્દવેદ : નરસિંહ મહેતાની સમગ્ર કવિતા, સંકલન: ઉર્વીશવસાવડા, પ્રથમ આવૃત્તિ : ઓક્ટોબર, ૨૦૧૪, મીડિયા પબ્લિકેશન-જૂનાગઢ, પદ સંખ્યા:૧૬૮, પૃષ્ઠ:૧૪૭